# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

**તારીખ : 05-04-2024** **બપોરે : 2.30 થી 2.35**

**વાર : શુક્રવાર**

**આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર સોનલ પરમાર વાંચે છે.**

---

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## congress manifesto

કોંગ્રેસે લોકસભા ચુંટણી માટે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. પક્ષના અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે તેમજ અગ્રણી નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી દ્વારા આજે નવી દીલ્હીમાં જાહેર કરાયેલા ચુંટણીઢંઢેરામાં દરરોજ ચારસો રૂપિયા લઘુત્તમ મજૂરીની ગેરંટી આપવામાં આવી છે. પ્રત્યેક ગરીબ પરિવારને દર વર્ષે એક લાખ રૂપિયા, કેન્દ્ર સરકારની નોકરીઓમાં મહીલાઓ માટે 50 ટકા અનામત બેઠકો રાખવામાં આવશે. લઘુતમ ટેકાના ભાવની ગેરંટી અને રાષ્ટ્રીય કક્ષાએ જાતિ આધારિત વસ્તી ગણતરીના વચનોનો સમાવેશ કરવામાં આવ્યા છે.

કોંગ્રેસે આગામી દસકામાં 23 કરોડ લોકોના જીવનમાં સુધારો લાવીને ગરીબી નાબૂદ કરવાનું વચન આપ્યું છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગેએ કહ્યું છે કે, તેમની પાર્ટીનો ચૂંટણી ઢંઢેરા ન્યાયના પાંચ સ્તંભો પર આધારિત છે. આ સ્તંભોમાં યુવાનો, મહિલાઓ, ખેડૂતો, મજૂરો અને વસ્તીના પ્રમાણે તકો.

## Election candidate oath

લોકસભા સામાન્ય ચુંટણીઓ તથા વિધાનસભાની પેટાચુંટણીઓમાં ચુંટણી લડતા ઉમેદવારોએ ફરજિયાત અધિકૃત વ્યક્તિ પાસેથી શપથ કે પ્રતિજ્ઞા લેવી પડશે. જેમાં સહી કરવાની રહેશે અને તો જ બે ઉમેદવાર લોકસભા કે વિધાનસભાની બેઠક માટે પસંદ થવા પાત્ર ગણાશે.

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ જણાવ્યું છે કે, ઉમેદવારોની અનુકૂળતા ખાતમ ચુંટણીપંચે સંબંધિત મતદાર વિભાગના ચૂંટણીઅધિકારી સહિત અન્ય પદાધિકારીઓને અધિકૃત કર્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, ઉમેદવારે ચૂંટણી ઉમેદવારીપત્ર રજૂ કર્યા બાદ જ તે શપથ કે પ્રતિજ્ઞા લઈ અને પ્રતિજ્ઞાપત્રમાં સહી કરી શકશે. તે ઉપરાંત સર્વોચ્ચ અદાલતના નિર્દેશ અનુસાર ઉમેદવારી પત્રોની ચકાસણીના દિવસ પહેલા એટલે કે આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની પેટા ચૂંટણીઓ-૨૦૨૪ના સંદર્ભમાં 20મી એપ્રિલ ૨૦૨૪ પહેલાં જ શપથ કે પ્રતિજ્ઞા લેવાની રહેશે અને તેમાં સહી કરવાની રહેશે. ઉમેદવારીપત્ર ભર્યા બાદ તરત જ ઉમેદવાર દ્વારા શપથ લેવામાં આવે તે ઈચ્છનીય છે.

## Water Awareness Program

રાજયમાં આગામી લોકસભા સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને નાગરિકો પોતાના મતાધિકારનો વધુમાં વધુ ઉપયોગ કરે તે માટે મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે વહેલી સવારે મતદાન જાગૃતિ માટે વોકેથોન યોજાઈ

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-2024ને અનુલક્ષીને નાગરિકો પોતાના મતાધિકારનો વધુમાં વધુ ઉપયોગ કરી લોકશાહીના પર્વમાં યોગદાન આપે તેવા આશયથી મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર નેહાકુમારી, જિલ્લા વિકાસ અધિકારી સીએલ પટેલ અને જિલ્લા

પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાએ લુણાવાડા ઇન્દિરા મેદાન ખાતેથી ચુનાવ કા પર્વની ઉજવણી અંતર્ગત મતદાન જાગૃતિ વોકેથોનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.આ વોકેથોન લુણાવાડા નગરમાં દરકોલી દરવાજા, નગરપાલિકા, કુવારા ચોક માંડવી બજાર થઇ ઇન્દિરા મેદાન ખાતે પરત ફરી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાં લોકસભા ચૂંટણી ને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ સ્વીપ એક્ટિવિટી ટીમ દ્વારા આયોજિત મતદાર શિક્ષણ અને મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત દાદરા નગર હવેલીમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ભાવનગર જિલ્લામાં વધુને વધુ મતદારો મતદાન તરફ પ્રોત્સાહિત થાય અને પોતાના મતદાનની ફરજ અદા કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર.કે.મહેતાના માર્ગદર્શન હેઠળ સ્વીપ  દ્વારા વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે.

સુરેન્દ્રનગરના છેવાડાના ખારાઘોડા ગામમાં અનેક અગરિયાઓ વસવાટ કરી રહ્યા છે ત્યારે છેવાડાનો મતદાર પણ મતદાન કરવાથી વંચિત ન રહે તે માટે તેઓને મતદાન બાબતે જાગૃત કરવા માટે મદદનીશ ચૂંટણી અધિકારી, પાટડી અને આસિસ્ટન્ટ કલેકટર જયંત સિંહ રાઠૌરની અધ્યક્ષતામાં મીઠું અને તેની આડપેદાશોના ઉત્પાદન સાથે સંકળાયેલ કંપનીઓમાં કામ

કરતા અગરિયા, શ્રમિકો, કર્મચારીઓ, વેપારીઓમાં મતદાન અંગે જાગૃતિ કેળવાય તે હેતુસર મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

## Narmada Dam Date of Birth-1

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા બંધનો આજે 64મા જન્મદિવસ નિમિત્તે મોટી સંખ્યામાં પ્રવાસીયો નર્મદા ડેમ ખાતે ઉમટી પડ્યા છે. નર્મદા બંધને આજે 64 વર્ષ પૂર્ણ થતાં પ્રવાસીઓએ બંધને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અનેક વિશિષ્ટતા સભર નર્મદા બંધ વિશ્વનો બીજા નંબરનો ક્રોકીંટ ગ્રેવીટી ડેમ ગણાય છે. નર્મદા બંધ ઉંચાઇની સરખામણીએ ભારતમાં ત્રીજા ક્રમનો છે. 40 હજાર ક્યુસેક વહન ક્ષમતા ધરાવતી વિશ્વની સૌથી મોટી પાકી અને 458 કિલોમીટરની વિશ્વની સૌથી લાંબી નહેર ગણાય છે.

પાંચમી એપ્રિલે 1960ના દિવસે ભારતના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂએ ખાત મુહૂર્ત કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 17મી સપ્ટેમ્બર 2017ના દિવસે સરદાર સરોવર બંધનું લોકાર્પણ કર્યું હતું.

નર્મદા બંધના સ્થળે 1 હજાર 450 મેગાવોટ વીજ ઉત્પાદન થઇ રહ્યું છે જે ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશને વીજળી પૂરી પાડી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છ કે, 458 કિલોમીટર લાંબી નર્મદાબંધની કેનાલથી રાજયના ચાર હજાર ગ્રામીણોને સિંચાઇનો લાભ મળી રહ્યો છે. 10 હજાર ગામડાઓને પીવાના પાણીનો લાભ મળી રહ્યો છે. રાજયના 33

જીલ્લાઓમાં 17 લાખ હેકટરમાં સિંચાઇ માટે નર્મદાના પાણી પહોંચી રહ્યાં છે. જેના કારણે ગુજરાત અને દેશના કૃષિ ઉત્પાદનમાં વધારો થઇ રહ્યો છે.

અમારા નર્મદા જીલ્લાના પ્રતિનિધિ દિપક જગતાપ જણાવે છે કે, ચોમાસાની ઋતુમાં બંધનો ઓવરફલોનો અદભૂત નજારો જોવા લાખો પ્રવાસીઓ ઉમટી પડે છે. સાચા અર્થમાં નર્મદા બંધ ગુજરાતની જીવાદોરી બની ગઇ છે. જે ગુજરાતીઓ માટે ગર્વની વાત છે.